Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સ્વ. શ્રીયુત્ કુંવરજીભાઇ આણંદજી

જેમની ચૌદમી પુણ્યતિથિ પોષ શુદિ અગિયારસના રોજ ઉજવવામાં આવી હતી.

પુસ્તક ૭૫ મું
અંક ૩-૪ ૧૦ મી ફેબ્રુઆરી

: પોષ–મહા :

વિ. સં. ૨૦૧૫ : ઇ. સ. ૧૯૫૯
વીર સં. ૨૪૮૫

: પ્રગટકર્તા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૫ મું :: વાર્ષિક લવાજમ ૩-૫-૦ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


૧ શ્રી નવખંડા પાર્શ્વનાથનું સ્તવન (મુનિરાજશ્રી મનમોહનવિજયજી) ૩૩
૨ શુભનામ સ્મરણ સ્તોત્ર .... (પન્યાસશ્રી સુશીલવિજયજી ગણી) ૩૪
૩ મારી જીવનદૃષ્ટિ .... .... (જવાહરલાલ નહેરુ) ૩૬
૪ સ્વચ્છંદતા .... .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૪૧
૫ રાજકન્યાઓની પરીક્ષા : ૨ .... (શ્રી હીરાલાલ ર. કાપડીયા M. A.) ૪૪
૬ શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક : ૧૯ (અનુ૦ આ. શ્રી વિજયમહેંદ્રસૂરિજી) ૪૬
૭ રાત્રિભોજન .... .... (શ્રી હીરાચંદ સ્વરૂપચંદ) ૪૮


### પૂજા ભણાવવામાં આવી

સ્વ. શ્રીયુત કુંવરજીભાઇ આણંદજીની ચૌદમી પુણ્યતિથિ નિમિત્તે પોષ શુદિ ૧૧ ને મંગળવારના રોજ સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી, જે સમયે સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય ગૃહસ્થોએ પણ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

### જન્મદિન

આપણી સભાના પ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રીયુત ભોગીલાલભાઇ મગનલાલ શેઠના પોષ વદી ૦)) ને શનિવારના રોજ તોંતેરમા જન્મદિન પ્રસંગે આપણી સભા ઉપરાંત સમાજની વિવિધ સંસ્થાઓ, સ્નેહીઓ, શુભેચ્છકો તેમજ મિત્ર-વર્ગ તરફથી હાર-તોરા એનાયત કરી તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ ઇચ્છવામાં આવ્યું હતું.

### રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે.


૧. પ્રસિદ્ધિસ્થળ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો-ભાવનગર.
૨. પ્રસિદ્ધિક્રમ : દર અંગ્રેજી મહિનાની દશમી તારીખે.
૩. મુદ્રકનું નામ : સાધના મુદ્રણાલય, ઠેકાણું-દાણાપીઠ પાછળ, ભાવનગર. ક્યા દેશના-ભારતીય.
૪. પ્રકાશકનું નામ : દીપચંદ જીવણલાલ શાહ, ઠેકાણું-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર ક્યા દેશના-ભારતીય.
૫. તંત્રીનું નામ : ઉપર પ્રમાણે.
૬. માસિકના માલીકનું નામ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો, ભાવનગર

હું દીપચંદ જીવણલાલ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૯-૨-૫૯ દીપચંદ જીવણલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પુસ્તક ૭૫ મું<br>અંક ૩-૪ | પોષ—મહા | વીર સં. ૨૪૮૫<br>વિ. સં. ૨૦૧૫ |
|---|---|---|

# શ્રી નવખંડા પાર્શ્વનાથનું સ્તવન

આજ મારા નવખંડાને લાખો પ્રણામ, જિનને ક્રોડો પ્રણામ,
ગોઘામંડન આપ કહેવાઓ, શ્યામ વર્ણથી દેહ સોહાવો;
પૂજક જન્મનો લેતા લહાવો, ફણા છત્ર શીરતાજ. જિનને૦ ૧
નવખંડ પૂર્વે થયા તહારા, વરશે અખંડ ભક્તિ ધારા;
જોડી દેવે કર્યા સારા, રાખી કંસાર માંય. જિનને૦ ૨
દિન નવતણી અવધ આપે, કંસારમાંહી જિનને થાપે;
ભક્તો જિનને જોવા તલપે, કાઢે વિતે દિન આઠ. જિનને૦ ૩
દિન નવ જો પૂરા થાવે, ખંડ એક નજરે ન આવે;
ગુણગાન સુર જેહના ગાવે, ભાવી પ્રબળ બળવાન. જિનને૦ ૪
દેવળે નિશદિન નોબત વાજે, સૂર જેનો ગગનમાં ગાજે;
જિન ભક્તને ભક્તિ છાજે, દેવભૂવન પ્રાસાદ. જિનને૦ ૫
સંવત વીશ પંદરની સાલે, મૌન એકાદશી ને રવિવારે;
સેવક અનેક પ્રભુજી તહારે, મારે તું શીરતાજ. જિનને૦ ૬
શ્યામસુંદર નવખંડ તહારી, મૂર્તિ અનુપમ દીપે પ્યારી;
સેવા કરતા સુર નરનારી, ગાતા જિન ગુણગાન. જિનને૦ ૭
કર્પૂર સમ સુવાસ તુમારી, પુણ્યે મનહર મૂરતિ તહારી;
પામી પ્રણમું પાર્શ્વ જયકારી, મનમોહન તુજ પાય. જિનને૦ ૮

—મુનિરાજશ્રી મનમોહનવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શુભ નામ સ્મરણ–સ્તોત્ર

[ ભરહેસરની સજ્ઝાયને આધારે ]

( મંગલાચરણ )

શ્રી જિનવર ગણધર નમી, વાણી સ્મરી ગુરુરાજ;
શુભ નામ સ્મરણ હું સ્તોત્રને, કહું હર્ષ ધરી આજ. (૧)

( સકલ તીર્થ વંદું કર જોડ–એ રાગમાં )

મંગલ નામ પ્રભાતે સ્મરો, ભરત બાહુબલી મનમાં ધરો;
બુદ્ધિનિધાન એ અભયકુમાર, મહાઋષિ જે ઢંઢણકુમાર ૧

કામજયી સ્થૂલિભદ્ર મુનિ, વજ્રસ્વામી જે લબ્ધિ ધણી;
નન્દિષેણ ને સિંહગિરિ, સૌભાગી કૃતપુણ્ય વળી. ૨

સાધુ સુકોશલ સુવર્ણદંત, પ્રખ્યાત પુંડરીક મતિવંત;
પંચ મહાવ્રત કરી સ્વીકાર, પાર્શ્વ સંતાનીય કેશીકુમાર. ૩

પ્રત્યેકબુદ્ધ કરકંડુ મુનિ, હલ્લ-વિહલ્લ જે બન્ધુ બલી;
શ્રેષ્ઠી સુદર્શન શિયલવંતા, શાલ–મહાશાલ ઝળકંતા. ૪

શાલિભદ્ર ઋદ્ધિવંત વિખ્યાત, ભદ્રબાહુ શ્રુતકેવલી ખ્યાત;
રાજ ઋષિ દશાર્ણભદ્ર, મુનિ મહર્ષિ પ્રસન્નચંદ્ર. ૫

યશોભદ્રસૂરિ શ્રુતજ્ઞાની, જંબૂસ્વામી અંતિમ નાણી;
આણાવંત વંકચૂલ કુમાર, ક્ષમાનિધિ જે ગજસુકુમાલ. ૬

નલિનીગુલ્મ વિમાન લેનાર, અણગારી અવન્તિસુકુમાર;
મહર્દ્ધિવંત ધન્યકુમાર, નટ પ્રખ્યાત ઈલાચીકુમાર. ૭

વિવેક ઉપશમ સંવર સુણી, થયા ચિલાતીપુત્ર મહામુનિ;
વિક્રમબાહુ સુત યુગબાહુ, જ્ઞાનપંચમી આરાધક ચાહું. ૮

તુલના જિનકલ્પની કરનાર, આર્યમહાગિરિ અણગાર;
સંપ્રતિબોધક જે મહામુનિ, દશપૂર્વી સુહસ્તિ ગુણી. ૯

પૂર્વ નવતણા એ જ્ઞાતા, આર્યરક્ષિત અર્દ્ધ પદ ધ્યાતા;
ચરમ રાજર્ષિ ઉદાયન દાની, મનક બાલમુનિ ગુણના ખાની. ૧૦

કાલિકાચાર્ય થયા સૂરિ ત્રણ, શામ્બ–પ્રદ્યુમ્ન બે બન્ધુજન;
સત્સંગે મૂલદેવ નરેન્દ્ર, દીક્ષા ગ્રહી થયો દેવેન્દ્ર. ૧૧

પ્રભવસ્વામી જંબૂ આદિ સાથે, ગ્રહી દીક્ષા આર્ય સુધર્મ હાથે;
પાંચસો ચોરના ગુરુ થયા, જંબૂસ્વામીના શિષ્ય બન્યા. ૧૨

પામ્યા તપથી લબ્ધિ અપાર, મહાતપસ્વી એ વિષ્ણુકુમાર;
અનાર્યદેશી એ આર્દ્રકુમાર, પ્રભુ પ્રતિમાથી પામ્યા પાર. ૧૩

દૃઢપ્રહારી ઘાતકી ચોર, પામ્યો એ મુક્તિ અણમોલ;
વર્ષીતપ પારણું કરાવનાર, આદિ પ્રભુને શ્રેયાંસકુમાર. ૧૪

ક્ષમાધારી કુરગડુ મુનિ, શય્યંભવસૂરિ શુભગુણી;
શ્રેણિકનંદન મેઘકુમાર, વીર વિભુના એ અણગાર. ૧૫

પરમ શ્રાવિકા જે વીરતણી, સુલસા સતીમાં શિરોમણી;
વીર અભિગ્રહ પૂરણકારી, ચંદનબાલા એ રાજકુમારી. ૧૬

શ્રેષ્ઠી સુદર્શનની પતિવ્રતા, મનોરમા થઈ એ વિખ્યાતા;
મદનરેખા યુગબાહુ નાર, શીલધર્મ અખંડિત પાલણહાર. ૧૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભીમરાય પુત્રી દમયંતી, પત્ની નળરાયતણી સતી;
નર્મદાસુંદરી સતી શ્રમણી, ( એ ) પામી પદવી પ્રવર્તિની. ૧૮
સીતા સતી રામચંદ્રની રાણી, પુત્રી જનક રાજવીતણી;
નંદા સતી શ્રેણિકની રાણી, અભયકુમારની જનની ગુણી. ૧૯
શાલિભદ્રની ભદ્રામાતા, ધનાવહ શેઠની હતી તે સુતા;
ચંપાપુરીનાં ઉઘાડ્યાં દ્વાર, સતી સુભદ્રા ગુણવંતી નાર. ૨૦
રાજીમતી બ્રહ્મચારિણી, મુખ્ય સાધ્વી નેમિનાથની;
પુત્રી તાપસ હરિષેણતણી, કનકરથની સ્ત્રી ઋષિદત્તા ભાગી. ૨૧
પ્રત્યેકબુદ્ધ કરકંડુ માતા, સતી પદ્માવતી જગવિખ્યાતા;
અંજનાસુંદરી હનુમાન માતા, પવનંજય પત્ની થઇ પ્રખ્યાતા ૨૨
શ્રીધર નૃપની પતિવ્રતા એ, શ્રીદેવી રાણી મહાસતી એ;
ત્રિશલાસુત નંદિવર્ધનની, જયેષ્ઠા પત્ની વ્રતધારિણી. ૨૩
સુજયેષ્ઠા બાલબ્રહ્મચારિણી, ચેડા પુત્રી પરમ તપસ્વિની;
શતાનીક રાણી મૃગાવતી એ, આર્યા ચંદનબાળા ચેલી એ. ૨૪
પ્રભાવતી પુત્રી ચેડાભૂપની, રાણી રાજર્ષિ ઉદાયનની;
ચેલ્લણા રાણી શ્રેણિક તણી, પરમ શ્રાવિકા જે વીર તણી. ૨૫
ઋષભસુતા બ્રાહ્મી-સુંદરી એ, ભરત-બાહુબળીની ભગિની એ;
બીજોરા પાક દાન દાયિકા, સતી રેવતી હતી વીર શ્રાવિકા. ૨૬
સતી કુંતી પાંડુ નૃપ-પત્ની, વળી એ પાંડવોની જનની;
ધર્મપત્ની ચંડપ્રદ્યોતતણી, પુત્રી શિવા એ ચેડારાયની. ૨૭
ભગિની જયન્તી શતાનિકની, વિદુષી શ્રાવિકા એ વીરની;
દેવકી દ્વાદશ વ્રતધારિણી, કૃષ્ણ માતા સ્ત્રી વસુદેવની. ૨૮
સતી દ્રૌપદી એ દ્રુપદ પુત્રી, પ્રસિદ્ધ પાંચ પાંડવની સ્ત્રી;
ધારિણી દધિવાહન રાણી, ને જનેતા ચંદનબાળાની ૨૯
શંખરાય રાણી પતિવ્રતા એ, ગુણવંતી સતી કલાવતી એ;
અન્નિકાપુત્ર આચાર્યતણી, શિષ્યા સતી પુષ્પચૂલા ગુણી. ૩૦
પદ્માવતી ગૌરી ગન્ધારી સતી, લક્ષ્મણા સુસીમા જંબૂવતી;
સત્યભામા રુકૂમિણી આઠે એ, શ્રી કૃષ્ણતણી પટ્ટરાણીઓ એ. ૩૧
યક્ષા યક્ષાદત્તા ભૂતા સતી, ભૂતદત્તા સેના વેના રેણા સતી;
સાતે બહેનો એ સ્થૂલભદ્રતણી, ઉત્તરોત્તર સ્મૃતિ શક્તિ ઘણી ૩૨
ઇત્યાદિ સર્વોત્તમ એ પ્રાણીઓ, સત્ પુરુષો ને મહાસતીઓ;
નામસ્મરણથી એ પાપ પલાય, ને સુખસંપત્તિ પૂર્ણ પમાય. ૩૩
તપગચ્છનાયક નેમિસૂરિ, પટ્ટપ્રભાવક લાવણ્યસૂરિ;
પંન્યાસ દક્ષ ગણી જેહના, સુશીલ પંન્યાસ વળી તેહના. ૩૪
વિક્રમ બે હજાર તેરની સાલે, મહા વદિ ત્રીજ ને રવિવારે;
પૂર્વ મલાડ-દેવચંદ્રપુરે, શાન્તિ જિન પ્રતિષ્ઠા વાસે રે. ૩૫
ઉપધાન માળાનો જોઇ પ્રસંગ, લાગ્યો શુભ નામ સ્મરણનો-રંગ;
રચવા વર્દ્ધમાન શિષ્યે વિનવ્યું, તે સૌ સ્મરતાં આત્મસુખ લહ્યું. ૩૬

કર્તા :
પંન્યાસજી
મહારાજ
શ્રી સુશીલ-
વિજયજી ગણી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારી જીવનદૃષ્ટિ

જવાહરલાલ નહેરુ

[ ૬ ઠ્ઠી ડિસેમ્બરે પં. જવાહરલાલ નહેરુએ દિલ્હી વિશ્વ–વિદ્યાલયના પદવીદાન સમારંભ પ્રસંગે, ઉપકુલપતિના આગ્રહથી ઘણે વખતે એક લેખિત ઉદ્બોધન વાંચ્યું. એમાં એમની જે વ્યાપક, ઉદાર-ચિત્ત અને સ્વસ્થ–સ્પષ્ટ જીવનદૃષ્ટિ પ્રગટ થઈ તેથી શ્રોતાઓ કૃતકૃત્ય થઈ ગયા. કુલપતિ ડૉ. રાધાકૃષ્ણને એ ઉદ્બોધનને 'પ્રેરણારૂપ અને પડકારરૂપ' કહીને બિરદાવ્યું. જવાહર–વિનોબા આપણે આંગણે સહેજે મળી રહ્યા છે તેવે ટાંકણે, દેશના નેત્રસમા એ બે જનનાયકો હૃદયના ઊંડાણમાં પણ કેટલા બધા નિકટ છે તે એ પ્રવચનના નીચે અપાયેલા તારણ પરથી જોઈ શકાશે. બે આંખની જેમ એ બંને નજીક છે, અને છતાં એ બે આંખના દૃષ્ટિકોણ વચ્ચે અંતર છે, તેય આપણે જોઈ શકીએ છીએ અને સમજીએ તો એ અંતર આપણે માટે ઉપકારક છે. બે આંખ વચ્ચેના અંતરને કારણે જ આપણે એમના દ્વારા આપણી સ્થિતિને એના વાસ્તવિક ત્રિપરિમાણમાં–લંબાઈ, પહોળાઈ ને ઊંડાણમાં જોઈ શકીએ છીએ. ]

સર્વસાધારણ રીતે સમસ્ત માનવજાતિની સમક્ષ અને ખાસ તો ભારતની સમક્ષ જે પ્રશ્નો ખડા થયેલા છે તેનું નિરીક્ષણ કરતાં એમ લાગે છે કે—

કલ્યાણ–રાજ્ય સ્થાપવાની મથામણ કરતાં કરતાં જો અધ્યાત્મનું તત્ત્વ આપણી દૃષ્ટિથી બહાર જતું રહેશે, તો આપણી તમામ ભૌતિક પ્રગતિઓ છતાં માનવ સમાજને છિન્નભિન્ન કરી નાંખતી પ્રક્રિયા જ આગળ ધપશે.

૪૮ વર્ષ પર, હું જ્યારે તમારી જેમ વિદ્યાર્થી હતો, ત્યારથી અત્યાર સુધીમાં વિજ્ઞાન અને યંત્ર-વિદ્યાને મેં કૂદકે ને ભૂસકે વિકાસની નવી નવી મંજિલો સર કરતાં જોયાં છે; અને એમની આ ફલાંગોએ માનવની માનવતાને એકથી વધુ રીતે પડકારી છે.

યંત્રવિદ્યાના વિકાસને કારણે સહુથી પહેલું તો જૂના જમાનાથી ઊતરી આવેલા આપણા ઉદ્યોગ-ધંધાઓ વધુ ને વધુ જટિલ ને અટપટા બન્યા છે. વીજળી વપરાતી થઈ ત્યારથી એક નવી જ જાતના પરિવર્તનો કાળ બેઠો છે. આ નવી યંત્રવિદ્યા વધુ ને વધુ મોટા પ્રમાણમાં કુદરત અને માનવીના સંબંધો વચ્ચે હસ્તક્ષેપ કરી રહી છે. એક એક ડગલું કરતો કરતો માનવી નવા જ પ્રદેશોમાં પ્રવેશી રહ્યો છે. આપણી આસપાસના વાતાવરણ અને સંયોગોમાં આ જે વિરાટ ફેરફારો યંત્રવિદ્યાના વિકાસને કારણે ઉત્પન્ન થયા એમણે આપણી જીવન જીવવાની પદ્ધતિમાં પણ પલટો આણ્યો છે, અને આપણી વિચાર કરવાની પદ્ધતિ ઉપર પણ અસર પાડી છે.

મને લાગે છે કે છેલ્લાં થોડાં વરસોમાં, આ બધાં પરિવર્તનની ગતિમાં આશ્ચર્યકારક ઝડપ આવી છે અને માનવપ્રાણીઓ બિચારાં એની સાથે તાલ મેળવીને ચાલવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવી રહ્યાં છે. માનવજીવનરૂપી રાસમાં અગાઉ જે સુસંવાદી ને તાલબદ્ધ લય હતો તે અલોપ થઈ ગયો છે, અને એ રાસ તૂટેલા તાલ ને વિસંવાદી સૂરો વચ્ચે વેરાઈ રહ્યો જણાય છે. આ વિસંવાદના ઓળા આપણા રાજકીય સંઘર્ષો અને આર્થિક ઘર્ષણો પર સ્પષ્ટપણે કળી શકાય છે.

માનવી હવે અગાઉની જેમ ગરીબી, ભૂખ કે રોગનો શિકાર નથી રહ્યો; બલ્કે બાહ્ય પ્રકૃતિ પર વિજય મેળવવાની ધગશમાં ને ધગશમાં અજાણ્યા પ્રદેશોમાં અતિશય આગળ ધસી ગયા પછી, હવે એને ભાન થાય છે કે એની પોતાની જ જાત સાથે એની બાખડી બંધાઈ છે. પોતાનું જ્ઞાન વધારવા જતાં એ પોતાની હતી તે જાતને જ ગુમાવવા બેઠો છે. 'લેને ગઈ પૂત ઓર ખો આઈ ખસમ' વાળો એનો ઘાટ થતો જણાય છે. સવાર થાય ને નવા સવાલો ને નવા કોયડાઓ "કાં...કાં" કરતા આપણને પજવવા આવી પહોંચે છે; કેમ જાણે આપણને પેલા પ્રાચીન આદેશની યાદ ન આપતા હોય–"કોઽહમ્ ? કોઽહમ્ ?–હું જાતે કોણ છું ?" એ પહેલાં જાણ !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજ્ઞાન અને યંત્રવિદ્યા ફેલાતાં ગયાં તેની સાથે સાથે આપણાં પ્રાચીન પરમ મૂલ્યો, એમનું અગાઉ જે સાચાપણું હતું તે જાણે ખોઈ બેસતાં હોય અને ધીમે ધીમે ખોટાં પડતાં જતાં હોય એવું જણાય છે. આને પરિણામે આજની પેઢીનાં મૂળિયાં જૂનાં ધોરણો અને મૂલ્યોની ભોંય પરથી તદ્દન જ ઊખડી જાય અને કંઈક નવું શોધવાનાં ઝાંવાં નાંખે તો એમાં નવાઈ જેવું કશું ન લાગવું જોઈએ.

આપણે આ નવી પરિસ્થિતિ સાથે કેમ કરીને મેળ પાડીશું ? પ્રાચીનને અને નૂતનવાળી ભેદભરમને ફગાવી દઈને આપણે એક અર્વાચીન અગોચર ને, અગમ્યને દ્વારે આવી ફરી પાછાં એક નવી વિમાસણ વચ્ચે જીવી રહ્યાં છીએ.

આપણી આવી વિલક્ષણ દશાના પ્રત્યાઘાતો જુદા જુદા લોકોનાં મન પર જુદી જુદી રીતના પડે છે. થોડાક જણ વધુ ઊંડા ચિંતન અને શોધનમાં ગરકાવ થઈ જાય છે અને અંતિમ મૂલ્યો માટે ખોજ આદરે છે; પણ બાકીના મોટા ભાગના લોકોને આ બધા ગૂંચવાડામાંથી કશોય સાર કાઢવાની માથાકૂટ ગજા બહારની લાગે છે, ને તેથી બધી આસ્થા છોડી પીછેહઠ કરીને તેઓ શંકાશીલતા તથા નકારાત્મક વૃત્તિઓની ખાઈઓમાં લપાઈ જાય છે. પ્રાચીન પરંપરાઓનાં ધોરણો અને સ્વરૂપોને તેઓ નકામાં કહીને ફેંકી દે છે, પણ નવાં કોઈ જ ધોરણો કે સ્વરૂપો એ લોકો પેદા કરતા નથી.

પણ આ મુદ્દા પર પણ હું મતાગ્રહી બનીને "આમ જ છે" એવી મમત કરવાનું ઠીક નથી માનતો. પ્રાચીન મૂલ્યોની ઇમારત ભાંગીને ભૂકો થઈ રહી છે તે તો જોઈ જ શકાય છે. પણ એ મૂલ્યોનો પ્રલય અતિશય યંત્રીકરણ તથા ઔદ્યોગિક સંસ્કૃતિને કારણે જ આવી રહ્યો છે કે પછી પરિવર્તન આટલું બધું ઓચિંતું ને ઉતાવળું આવ્યું તેટલા જ કારણે થઈ રહ્યો છે, તેનું શું કહી શકાય ?

કલ્યાણ-રાજ્ય સ્થાપવાનો આદર્શ પણ પૂરતો છે કે નહીં તે પણ એક સવાલ જ છે. આપણે ભારતમાં કલ્યાણ-રાજ્ય આણવાની જહેમત કરી રહ્યા છીએ, તેવે વખતે જરા ચારે બાજુ નજર કરીએ ને બીજા દેશોમાં જ્યાં ભૌતિક સમૃદ્ધિને લાગેવળગે છે ત્યાં સુધી તો કલ્યાણ-રાજ્ય સુસ્થાપિત થઈ ચૂક્યું છે, તેમની દશા જોઈએ છીએ તો ત્યાં પણ માણસો એવી રીતે વર્તન કરતાં જોવા મળે છે કે એમની રીતભાત જોઈને આપણી પાછલી પેઢીનાં માણસો તો છળી જ જાય. કિશોર-ભ્રષ્ટતા ( જુવેનાઇલ ડિલિન્ક્વન્સી ) ની બદી ફાલી રહી છે અને બધી જ જાતની રીતભાત નેવે મુકાઈ રહી છે, અને રાષ્ટ્રના પાયા સમી સભ્યતા કીચડ ભેગી થઈ રહી છે. આપણી વિરાટ આગેકૂચ જોઈને આપણી એક આંખ હસે છે, ત્યારે બીજી આંખ સમાજના દેહને સડતો જતો ને ગળતો જતો જોઈને રડે છે. માનવ-સમાજનું હાડ ગળતું જાય છે, કારણ એને બાંધી રાખનાર જે નૈતિક-ધાર્મિક મૂલ્યોરૂપી મજ્જા હતી અને સામાજિક રીતભાતરૂપી જે ત્વચા હતી તે ધીરે ધીરે ધોવાઈ રહ્યાં છે.

## વિજ્ઞાનની ગતિ + અધ્યાત્મની દૃષ્ટિ=વિકાસ

વિજ્ઞાન અને યંત્રવિદ્યાએ આવી મડાગાંઠ ઊભી કરી છે, તેમ છતાં ભારતે એમને પંથે જવું જ પડવાનું છે, કારણ ગરીબીના શાપમાંથી છૂટવાનો અને જીવનધોરણને તરતું કરવાનો એ એકમાત્ર માર્ગ છે. આધ્યાત્મિક પ્રગતિ માટે પણ અમુક ભૌતિક સુખાકારી અનિવાર્ય બની રહે છે. ગમેતેમ, આપણે કાંઈ મોટાભાગની દુનિયામાં વિજ્ઞાને ને યંત્રે આણેલાં પરિવર્તનના પૂરને ખાળી શકીએ કે ઉલટાવી શકીએ એ તો બને તેવું જ નથી. એટલે આપણે વિચારવા જેવો પ્રશ્ન તો એ જ થઈ પડે છે કે આપણે આ બધી ઉથલપાથલોની પ્રક્રિયા વચ્ચેથી, માનવજાતિએ ભૂતકાળમાં જેમને અતિશય અગત્યનાં માન્યાં છે, તેવાં કેટલાંક પાયાનાં મૂલ્યોને જાળવી લઈ શકીએ તેમ છીએ કે નહીં; અને માનવજીવનમાં રહેલું આધ્યાત્મિક તત્ત્વ ( એના કોઈ જાતના સાંકડા સાંપ્રદાયિક અર્થમાં નહીં, પણ એ શબ્દના વિશાળમાં વિશાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થમાં, આધ્યાત્મિક તત્ત્વને ) આપણે જાળવી તેમજ પોષી શકીએ તેમ છીએ કે પછી તે તત્ત્વ ઝાંખું પડતું પડતું અલોપ થઈ જવાનું છે? આપણી સામે જો ખરેખર વિચારવા જેવો સવાલ હોય તો તે આ છે. આવા આધ્યાત્મિક તત્ત્વ વિના તો ભૌતિક પ્રગતિ થતી રહે તેમ છતાં, કદાચ સમાજ-નાં વિઘટનની પ્રક્રિયા આગળ જ ધપશે.

## માનવના વિકાસક્રમની સાથે સાથે 'ઇશ્વર'નો વિકાસ

હું આ પ્રશ્નને પરંપરાગત ધાર્મિક એટલે કે સાંપ્રદાયિક દૃષ્ટિકોણથી નથી જોતો; જો કે ધર્મ અને તેને આધારે ખડાં થયેલાં મૂલ્યો વચ્ચે હદ કયાં દોરવી તે કહેવું મુશ્કેલ છે. આપણે એક કે અનેક ઇશ્વરમાં માનીએ છીએ કે નહીં તે પણ સવાલ નથી: સવાલ તો એ છે કે આપણે કોઇક પણ અંતિમ મૂલ્યોમાં માનીએ છીએ કે નહીં. ઇશ્વર વિશેની કલ્પના, માનવીના વિકાસની જુદી જુદી અવસ્થાએ જુદી જુદી થતી રહી છે. પણ તે કલ્પના ગમે તે કાળે ગમે તેવી હોય તોપણ એક વસ્તુ તેને અંગે નક્કી રહી છે: 'ઇશ્વિર' હંમેશાં જે તે સ્થળ-કાળમાં, માનવીઓને અંતિમ મૂલ્યો અથવા સત્ય વિશે જે કાંઇ આછોપાતળો ખ્યાલ હોય છે, તેના પ્રતીક તરીકે પૂજાતો આવ્યો એટલે જ તો જેમ જેમ માનવીનો વિકાસ થતો ગયો છે, તેમ તેમ ઇશ્વિર અંગેની એની કલ્પના પણ બદલાતી ગઇ છે અને અર્થનાં નવાં નવાં ઊંડાણ સાધતી ગઇ છે. પણ તે કલ્પના ગમે ત્યારે ગમે તે રહી હોય, છતાં તે કાયમ જે તે અવસ્થાએ પહોંચેલા સમાજના અંતિમ અને નિરપેક્ષ મૂલ્યના પ્રતીક સ્વરૂપ જ રહી છે.

ક્રમે ક્રમે વ્યક્તિ કે પુરુષોત્તમ સ્વરૂપ ઇશ્વરની કલ્પનામાંથી અવૈયક્તિક કે અપૌરુષેય ઇશ્વરનો વિચાર મહોરતો દેખાય છે અને પછી એમાંથી કંઇક એવું અગમ્ય ને અતાગ ફલિત થાય છે કે જેને આપણું સાધારણ મન તો ગ્રહણ જ નથી કરી શકતાં. બુદ્ધ ભગવાનને એને વિશે પૂછવામાં આવ્યું ત્યારે એમણે એની વ્યાખ્યા કરવાનો ઇન્કાર કર્યો, ને કહ્યું કે એ 'અવ્યાકૃત વિષય' છે, કારણ કે વાણી એને પામ્યા વિના જ પાછી ફરે છે અને મન પણ એને જાણ-વામાં નિષ્ફળ નીવડે છે. એનો સાક્ષાત્કાર તો બીજા જ સાધનોવડે થઇ શકે છે. કોઇ કોઇ એને સત્યમ્, શિવમ્ (પ્રેમ), અને સુંદરમ્ કહે છે, કારણ આ ત્રણ એમને મન અંતિમ મૂલ્યોના પ્રતીક હોય છે પણ આપણી પેલે પાર રહેલા એ પરનો સાક્ષાત્કાર કરવા માટે આપણે આ ત્રિપરિમાણ ભૌતિક જગતથી અળગા થવું પડે છે.

## ભૌતિક અને આધ્યાત્મિક વિકાસનું પરસ્પરાવલંબન

આજે આપણી પાસે અંતિમ કે 'પારમાર્થિક' મૂલ્યો છે કયાં? તેવાં મૂલ્યો વિના આપણે ઉપરછલ્લાં, નિઃસત્ત્વ ને ક્ષુદ્ર થઇ જઇએ છીએ અને શું મનુષ્યો કે શું રાષ્ટ્રો, એ કાંઇ નિઃસત્ત્વતા કે ક્ષુદ્રતા દ્વારા મહાન વિકાસ નથી કરી શકતાં.

એમ બને કે આ પ્રચંડ સંધિકાળમાંથી એક નવીન સમતુલા ને એક નવીન સમન્વય સુસ્થિર બને અને આપણા યંત્રીકરણની ટોચે પહોંચેલા સમાજ-ના ઉદયમાંથી નવાં ધોરણો, નવાં મૂલ્યો, સંસ્કૃતિની કોઇ નવલી શિલાઓ, અને અંતિમ સત્યનું કોઇ નવીનતમ દર્શન પ્રગટ થાય.

## નવો ધનિકવર્ગ:- રશિયા-અમેરિકા નવો ગરીબવર્ગ- પછાત રાષ્ટ્રો

મૂડીવાદ, સમાજવાદ અને સામ્યવાદ વચ્ચે આજે તો તીવ્ર સંઘર્ષ ચાલતો નજરે ચડે છે, તેમ છતાં સંયુક્ત રાજય અમેરિકાના અત્યંત વિકસિત મૂડીવાદી સમાજ તથા સોવિયેત સંઘમાં જે નવા પ્રકારની સંસ્કૃતિ ચણાઇ રહી છે, તે બંનેની માંડણી તત્ત્વત: તો એક જ મૂલતત્ત્વ પર થઇ રહી છે, અને તે છે ઉદ્યોગીકરણ અને યંત્રીકરણની એક ચરમકક્ષા. એમની પદ્ધતિઓ વચ્ચે થોડોથોડો તફાવત હોઇ શકે, પણ તે તફાવત પણ જેટલો ધારવામાં આવે

For Private And Personal Use Only

છે તેટલો બધો મોટો નથી. એ બંને દેશો 'વિરાટ-કાય યંત્ર'ના ભક્ત છે. બંને દેશો વચ્ચે અનેક રીતના ભેદ તો છે જ; પરંતુ આજે દુનિયામાં તત્ત્વતઃ જે ભેદ પ્રધાન છે તે આ બે વચ્ચેનો નથી; આજના વિશ્વની પ્રધાન અસમાનતા તો ઉદ્યોગીકરણની ટોચે પહોંચેલા સમાજો તથા હજી સુધી જ્યાં ઉદ્યોગીકરણ નથી થયું તેવા સમાજો વચ્ચે જે ભેદ છે, તેમાં રહેલી છે.

### સહઅસ્તિત્વની વિદેશનીતિના મૂળમાં પડેલી ભારતની પ્રાચીન સમન્વયશીલતા

પ્રત્યેક સમાજ પોતપોતાની આગવી પરંપરાઓ અને સભ્યતા રચતો હોય છે. સાધારણ સંયોગોમાં આવી ભિન્નભિન્ન રચનાઓ એકી સમયે અસ્તિત્વ ધરાવે અને એકમેક પર અસર પાડતી રહે એ વસ્તુ વિકાસની દૃષ્ટિએ ઘણી સારી છે. પણ આજે તો દુર્ભાગ્યે એમની વચ્ચે સતત ઘર્ષણ જ ચાલતું જણાય છે અને તેથી સાધારણ સંયોગોમાં સહજીવનને કારણે ક્રમશઃ એકમેકને આત્મસાત્ કરવાની જે સમન્વય-ક્રિયા ચાલે છે તે થંભી ગઈ છે.

આત્મસંરક્ષણના, પોતાની જાતિને જાળવી રાખવાના, સાંકડામાં સાંકડા દૃષ્ટિકોણથી પણ વિચારીએ તો વિનાશકારી યુદ્ધની અટકાયત અને જુદાં જુદાં રાષ્ટ્રો તથા વાદોનું સહઅસ્તિત્વ હવે તો અનિવાર્ય જ થઈ પડ્યું છે. એકમેકને આત્મસાત્ કરતાં કરતાં સર્વ એકરસ બની જાય, એવા વિશાળતર દૃષ્ટિકોણથી તો આ સહજીવનની વાત એથીયે વધારે જરૂરી બની જાય છે.

ભારતનો ઇતિહાસ બહુરંગી રહ્યો છે, છતાં એક બાબતને તો ભારત સતત વળગી રહ્યું છે; સહિષ્ણુતા અને સહજીવનના સિદ્ધાંતોને એણે કદિ ઉવેખ્યા નથી. આપણી આજની વિદેશનીતિ એ કાંઈ સ્વરાજ્ય પછી ફૂટી નીકળેલું કોઈ અળશિયું નથી. બલ્કે એનાં મૂળ તો આપણી પરંપરાઓ અને ઇતિહાસમાં ઊંડાં રોપાયેલાં છે. અને ખરેખર તો ભારત પોતે પણ સહજીવન વિના છિન્નભિન્ન જ થઈ જાય તેમ છે.

### ભૌતિક પણ ઈશનો જ આભાસ છે

ભૌતિક અને આધ્યાત્મિક વચ્ચે ચોક્કસ ભેદરેખા દોરવી શક્ય છે કે કેમ તે વિશે મને શંકા છે. કરોડો માનવપ્રાણીઓનાં જીવન પર અસર પાડનારાં જે જંગી વિચારના પૂર ઇતિહાસમાં વખતોવખત ફરી વળેલાં જોવાં મળે છે, તે દરેકમાં અધ્યાત્મનો કંઈક અંશ તો હોય જ છે. મહાન ક્રાંતિઓ, પછી તે અમેરિકા કે ફ્રાંસમાં થઈ હોય કે પછી રશિયા કે ચીનમાં થઈ હોય, એ ક્રાંતિઓ કશાક આધ્યાત્મિક તત્ત્વ વિના કદી સફળ જ ન થઈ હોત. એ આધ્યાત્મિક અંશ જ કોટ્યવધિ માનવહૈયામાં સૂતેલી પ્રેરણાઓને દરેક વખતે સચેત કરતો રહ્યો છે.

### માર્ક્સ-મીમાંસા: એનો અધ્યાત્મ અંશ ને અશુદ્ધ સાધનવાદ

માર્ક્સવાદ પ્રત્યે કરોડો લોકોને મૂળ મુદ્દે જે આકર્ષણ થાય છે, તે માનું છું કે, એમાં વૈજ્ઞાનિક સિદ્ધાંત સ્થાપવાના જે પ્રયત્ન થયા છે, તેને કારણે નથી, બલ્કે તેમાં રહેલી સામાજિક ન્યાય માટેની તીવ્રતાને કારણે છે. અને તેટલે અંશે માર્ક્સવાદ એક આધ્યાત્મિક આવશ્યકતાની (સમાનતાની ઝંખનાની) પૂર્તિ કરતો હતો. અલબત્ત બીજા કેટલાય બુદ્ધિશાળી લોકોને એનું આકર્ષણ બીજા કારણોસર પણ હતું.

મારા મતે, દુર્ભાગ્યે માર્ક્સવાદ એના વ્યવહારમાં હિંસા અને વ્યક્તિત્વના દમન સાથે (જો કે સૌના ભલા માટે જરૂરી મનાતું હતું તેની સાથે) વધુ પડતો ભેરવાઈ ગયો. હું માનું છું કે વ્યક્તિને વિકસવા જોગી સ્વતંત્રતા હોવી જ જોઈએ. વળી હું એમ પણ માનું છું કે ખોટાં સાધનોનાં ઉપયોગથી ખોટાં પરિણામો અવશ્ય ઉત્પન્ન થાય છે. અમુક ખાસ સંયોગોમાં શું સાચું હતું ને શું ખોટું હતું, એ કહેવું મુશ્કેલ ગણાય, કારણ કે જીવન કાંઈ બહુ તર્કસંગત નથી હોતું, ઉલટું એ તો પુષ્કળ ગુંચવાડાઓ અને વિરોધાભાસોનું જ બનેલું હોય છે. છતાં એટલું તો ખરું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ કે સાધ્યની પાછળ આંધળી દોટ મૂકવામાં સાધનો-ની શુદ્ધિને સમજબૂઝપૂર્વક નેવે ચડાવવી એ સાચું તો નથી જ, પણ છેવટે બાકી વ્યક્તિ તેમ જ સમૂહનું તે રીતે કલ્યાણ પણ નથી જ થતું.

### માર્ક્સવાદનો ભૌતિકવાદ ખરો લાગે છે

આમ ધોરણો અને મૂલ્યોને આપણે મહત્ત્વ આપવું જોઈએ એ ખરું, પણ સાથે જ એ વાત પણ ખરી છે કે સમાજમાં વધુ લાભો ભોગવનારા મોભાદાર વર્ગના સ્વૈચ્છિક પદત્યાગથી સમાજમાં ધરખમ ફેરફાર થઈ શકતો નથી. કારણ એ લાભેલા વિશેષાધિકારી વર્ગના મનમાં સામૂહિક રીતે એવું ઠસાવી દેવામાં આવ્યું હોય છે અને એ માનતો જ હોય છે કે સમાજમાં એનું આવું ઊંચું સ્થાન રહે તે સમાજની ધારણાની દૃષ્ટિએ સ્વતઃસિદ્ધ સત્ય છે. એટલે જબરા મોટા સુધારા તો અધિકારથી વંચિત નીચલા વર્ગના લોકો તરફથી થતાં દબાણોને જોરે જ થઈ શકે છે. અને કોઈ પણ સામાજિક સમૂહના સામાજિક, રાજકીય અને બૌદ્ધિક જીવનનાં સર્વસાધારણ લક્ષણોનો ઘાટ જે તે સમૂહની ઉત્પાદક શક્તિઓ ને સાધનો દ્વારા જ ઘડાતો હોય છે, એ (માર્ક્સવાદની) વાત પણ મને ખરી લાગે છે.

### સર્વોદયને નામે જરીપુરાણી ઉત્પાદન પદ્ધતિને વળગી રહેવાની વાત નાપસંદ

આ પૃથક્કરણ પરથી આપણે હવે ભારતની આજની પરિસ્થિતિ પર આવીએ. ભારત પર નજર ફેરવીએ તો આજે, સામાન્ય રીતે એમ કહી શકાય કે, આપણી ઉત્પાદનની પદ્ધતિઓ જૂનવાણી ઢબની અને પછાત છે. આને કારણે આર્થિક પછાતપણું આવે છે, તે તો જાણે ખરું જ, પણ સાથે સાથે આપણા સામાજિક અને બૌદ્ધિક જીવન પર પણ તેનો દસળખેરો આવી પડે છે.' આપણા પ્રાચીન મૂલ્યો અને ધોરણોને આપણે જો જાળવી રાખવાં હોય તો આ પ્રાચીન ઉત્પાદન પદ્ધતિઓને આપણે વળગી રહેવું જોઈએ,' એમ કહીએ તો તેનો અર્થ તો એવો થયો કે આપણે ગરીબ અને પછાત રહીએ તો જ આપણે એ મહાન મૂલ્યોને જાળવી શકીએ!

વિશેષાધિકારો અને ઓશિયાળુ સમાજવ્યવસ્થાને છાવરવાને માટે ધર્મ અને તત્ત્વજ્ઞાનનો વારંવાર દુરુપયોગ થતો રહ્યો છે. સામે પાસે, તે જ રીતે જૂના આર્થિક સિદ્ધાંતોને પણ કેટલાક લોકો પોતાના હિતોની સર્વોપરિતા વાજબી ઠેરવવા માટે કામે લગાડતા જોવા મળે છે.

સમાજવાદ એ અમુક એક જાતનું આર્થિક તંત્ર માત્ર નથી. એના કરતાં એ ઘણી વધારે ગહન વસ્તુ છે. એમાં એક વિચારપદ્ધતિ અને જીવનપદ્ધતિ રહેલી હોય છે...આપણે જો સમાજવાદને માટે કાર્ય કરવું હોય તો આપણે એ હરદમ યાદ રાખવું જોઈએ કે પછાત અને અલ્પવિકસિત દેશમાં ખરો સમાજવાદ કદી ખીલી શકે જ નહીં.

### તમામ પ્રકારની સંકીર્ણતાઓ ખંખેરી નાંખીએ!

આ બધું નજરમાં રાખીને હું તમને વિદ્યાર્થીઓને અપીલ કરું છું કે તમને ઘેરી વળનારાં અનેક દૂષણો સામે તમે કેડ બાંધીને લડી લો. એ દૂષણો આપણને સંકીર્ણ બનાવે છે અને એમ કરીને સમાજવાદની સિદ્ધિના આપણા મહાન પરાક્રમ માટે આપણને નાલાયક બનાવી દે છે. કેવાં છે એ દૂષણો? સાંપ્રદાયિક ઘર્ષણો અને મતાંધ મમતો, પ્રાંતવાદ, ભાષાવાદ અને નાતજાતના વાડા;-આ બધી આપણી વચ્ચે ભાગલા પાડતી વૃત્તિઓની માઠી અસરોને જો આપણે આપણા રાષ્ટ્રીય જીવન સાથે ચેડાં કરવા દઈશું, તો તો પછી આપણે માટે કશી આશા જ નથી રહેતી.

અને સહુથી મોટી ને અગત્યની વાત તો એ છે કે આપણે સખત પરિશ્રમ કર્યે જ છૂટકો છે. કારણ નિઃસ્વાર્થ પરિશ્રમ વિના કોઈ પણ મૂલ્યવાન સિદ્ધિ સાંપડતી નથી. વળી આપણે ભય અને દ્વેષ ખંખેરી નાખીને જ પુરુષાર્થ કરી શકીશું. એટલે આપણે સંકીર્ણ રાષ્ટ્રવાદની વૃત્તિઓને હરગીજ નમતું નહીં આપીએ, આજની દુનિયામાં એનું કશું જ સ્થાન નથી. અને આપણા ઉચ્ચ આદર્શો સાથે એનો કશોય મેળ નથી. આ ગાંધીજીએ આપણને આપેલો પાઠ છે. (-"ભૂમિપુત્ર" ૧૬-૧૨-૫૮માંથી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વચ્છંદતા

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

મનુષ્યને પોતાના કલ્પિત માર્ગમાં કાંઈક અવરોધ થાય છે ત્યારે તેને અસ્વસ્થતા અનુભવાય છે. કોઈ ગામે જવાનું હોય અને ત્યારે વરસાદ આવતો હોય અગર વાહન ન મળતું હોય અગર અણધાર્યું કાર્ય ઉપસ્થિત થાય છે ત્યારે એને દુઃખ થાય છે અને અવરોધો માટે તિરસ્કાર છૂટે છે. કામમાં જઈ પોતાના વ્યસનની પૂર્તિ કરવી હોય તેમાં વિરોધ આવી ઊભો રહે ત્યારે તેને ગુસ્સો આવે છે. કોઈ વસ્તુ ખાવાની ઇચ્છા થએલી હોય અને તે મેળવવામાં અડચણ ઊભી થાય તે એને ગમતી નથી. મતલબ કે પોતાની સ્વચ્છંદતામાં કોઈ જાતની હરકત એને ગમતી નથી.

ભારતને સ્વાતંત્ર્ય મળ્યું ત્યારે કેટલાએક લોકોને એમ લાગ્યું કે આવતી કાલથી બજારમાં અનાજ સસ્તું મળવા માંડશે અને જોઈએ તે ચિજો ખૂબ સસ્તા ભાવે મળી રહેશે. ભારતમાં તો એવી ભોળી કલ્પના જ લોકો કરતા હતા, પણ પાકીસ્તાનમાં તો લોકો રેલવેના ડબ્બામાં ચઢી બેઠા ને કહે કે, હવે તો આપણે આઝાદ થઈ ગયા. હવે ટિકીટ શા માટે ખરીદવી પડે? એટલે કે, સ્વતંત્રતા અને સ્વચ્છંદતામાં શું ભેદ છે એની ભલભલાઓને સમજણ પડતી નથી. તેઓ તો એમજ માની બેસે છે કે, આપણે હવે પોતાની ઇંદ્રિયો ઉપર અને વાસનાઓ ઉપર કોઈ જાતનો પ્રતિબંધ મૂકવાની જરૂર નથી. ફાવે તેમ આપણે છૂટથી વર્તન કરી શકીએ, પણ એવું માનનારા ભીંત ભૂલે છે. સ્વાતંત્ર્ય એ નિયમબદ્ધ જીવન છે. પોતામાં રહેલી પ્રસુપ્ત શક્તિઓ જાગૃત કરી તેનો આપણી આત્મિક શક્તિઓ ખીલવવામાં ઉપયોગ કરી લેવો જોઈએ, નહીં કે આપણી વાસનાઓને છૂટી મૂકવી જોઈએ.

આપણે જમવામાં સંયમ ન રાખતા ભાવે છે માટે ગમે તે પદાર્થ અતિરિક્ત ખાઈએ તો અજીર્ણ થાય એ વસ્તુ આપણે સારી પેઠે જાણીએ છીએ. જે રસવતી સ્વાદિષ્ટ અને શરીરને પુષ્ટિ આપનારી હોય છે તેનું અતિરિક્ત સેવન કરવાથી તે જ વસ્તુ રોગ વધારનારી અને કદાચિત્ પ્રાણ લેનારી પણ નિવડે છે. અર્થાત્ સારી પૌષ્ટિક લાગતી વસ્તુ ઉપર પણ આપણે કાપ મૂકવો પડે. અર્થાત્ એના સેવન માટેના નિયમો આપણે જાણી લેવા પડે. અને તે નિયમો આપણે પાલન કરવા પડે. અર્થાત્ સ્વતંત્રતામાં પણ બંધન પાળવું પડે, ત્યાં સ્વચ્છંદતા નહીં ચાલવે.

ગાયન મધુર છે. સંગીત સુસ્વર છે. હૃદયને આલ્હાદ આપે છે. પણ તેના પરિણામો આપણા ઉપર શું થાય તેનો વિચાર કર્યા વગર આપણે તેનું અતિરિક્ત સેવન કરીએ ત્યારે તેનું પરિણામ આવશે તેને આપણે રોકી શકીએ તેમ નથી, ઉજાગરાથી આપણું શરીર બગડે, બીજે દિવસ અસ્વસ્થતા ભોગવવી પડે, બીજા ઉપયોગી કાર્યો કરવામાં આપણને રસ નહીં પડે. તેમજ તે ગાયનમાં જો ગાયક સ્ત્રી હોય અને ગાયનમાં શૃંગારરસ નિતરતો હોય ત્યારે તો આપણા મનની સ્થિતિ પણ પરવશ અને સ્વચ્છંદી બની જાય. ત્યારે એના પરિણામો માટે આપણે દુઃખ અને કટુતા ભોગવવા તૈયાર રહેવું પડે. એ આવી ભીતિ જ રહે એમાં આશ્ચર્ય નથી.

નાકને સુગંધ ગમે છે. અનેક અત્તરો, તેલો અને ફૂલો આપણે સુંઘતાં હોઈએ અને તેમાં મસ્ત થઈ બીજું ઉપયુક્ત કાર્ય ભૂલી જઈએ તો આપણી સ્વચ્છંદતાને માર્ગ મળી જ જાય અને નહીં કરવાલાયક પણ કરી બેસીએ અને પરિણામે અનંત પાપો આપણાથી થતા રહે એ દેખીતી વાત છે. કામ-વિકારને ઉત્તેજન મળવાનું એ એક પ્રમુખ કારણ ગણાય. અર્થાત્ તેને વશ થવાથી સ્વચ્છંદતા વધતી જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય, જીવન અનીતિમય અને અનિયમિત બની જાય એ સ્પષ્ટ છે. મતલબ કે સ્વતંત્રતા એ મર્યાદામાં રહેલ હોય ત્યાં સુધી જ તેનો ભોગવટો ઉપયોગી નિવડે, પણ જ્યારે એ સ્વચ્છંદતામાં પરિણમે છે ત્યારે અનર્થની પરંપરા નિર્માણ થાય છે માટે જ સ્વતંત્રતા મળવા છતાં જીવન નિયમબદ્ધ હોય તો જ જીવન સુસહ્ય અને ઉપયોગી નિવડે એટલા માટે જ અનુભવી અને જ્ઞાની શાસ્ત્રકારોએ એનાં નિયમો ઘડી કાઢેલા છે. એ નિયમો આપણે સમજી લેવા જોઈએ. એ નિયમો સ્વચ્છંદતાને નિયમબદ્ધતાથી કાબૂમાં રાખવા માટે જ છે. પરવશતા કરતા સ્વતંત્રતા સારી એ જેટલું સત્ય છે, તેના કરતા સ્વતંત્રતામાં વિકારોનો સંયમ કરી આપણા તાબેદારો કરી લેવા જોઈએ. કોઈ દારૂડીઓ હોય તે પ્રથમ પોતાને મળેલી સ્વતંત્રતાને કારણે જ થોડો દારૂ પીએ છે, પણ જ્યારે એ સ્વચ્છંદતામાં રાચેમાચે છે ત્યારે એ દારૂનો અર્થાત્ વ્યસનનો તાબેદાર બની જાય છે. પછી તો દારૂ એના તાબે રહેતો નથી પણ દારૂનો એ તાબેદાર અને સેવક બને છે. એ કહે છે કે, દારૂ મારાથી છૂટતો નથી. ગમે તેવી જ્ઞાનીને મુખે શોભે એવી રૂડી વાતો એ કરે છે અને દારૂના દારૂણ પરિણામોને પોતે સમજતો હોવાથી દારૂ છોડવા લાયક છે એમ બોલે છે પણ ખરો. પણ બધું ઘડીવારમાં મૃગજલમાં પરિણમે છે. ફરી એ દારૂ પીવા માંડે છે અને એનાં કડવાં ફળો ભોગવે છે. પોતાના શરીરનો અને બુદ્ધિનો નાશ કરવાની સાથે દ્રવ્યનાશ કરી પોતાના કુટુંબને પણ ભીખ માગતા કરી બેસે છે. શું થઈ રહ્યું છે તે સમજવા છતાં એ પરવશપણે બધું ગુમાવી બેસે છે.

એ દારૂ પીવાનો દાખલો જો કે આપણને અયુક્ત જણાશે પણ એ ઉપરથી બીજા સાધારણ જણાતા નાના વ્યસનો માટે પણ સમજી લેવાનું છે. દરેક વ્યસન વધારે છે એ એની માની લીધેલી તુચ્છ કલ્પનાને લીધે જ હોય છે. પહેલા તો વ્યસન વિલોભનીય અને ગમી જાય એવું હોય છે, અને આપણને વળગી જશે અને આપણે પાયમાલ થઈ જઈશું, એની એને કલ્પના સરખી પણ હોતી નથી. એ વ્યસન આપણે સ્વાધીનતામાં રાખી શકીશું એવું છે એમ લાગ્યા કરે છે. પણ અનુક્રમે એ આપણા શત્રુનું કાર્ય કરી આપણી સ્વતંત્રતા છીનવી લે છે. આપણા ઉપર કાબૂ જમાવી આપણને જ ગુલામ કરી નાંખે છે. માટે જ એ ખૂબ ધ્યાનમાં રાખવાનું છે કે, એ આપણી સ્વચ્છંદતાનું જ પરિણામ છે. આપણું જીવન આપણે નિયમબદ્ધ નહીં રાખ્યું તેને લીધે જ આવી પરવશતા ભોગવવી પડતી હોય છે

દુર્વ્યસન એવા હોય છે કે, એની દુર્જનતા કેટલીએક વખતે આપણને પ્રતીત થાય છે. એ આપણો શત્રુ છે, એમ લાગે છે, અને કોઈક વખત એ છોડી આપણે સ્વતંત્ર થવા થોડોઘણો પ્રયત્ન પણ કરીએ છીએ. પણ જ્ઞાની ગણાતા માનવો જ્યારે સ્વચ્છંદતાના મોહમાં સપડાઈ જાય છે ત્યારે એ પોતાનું તો ઘણું ગુમાવે છે જ. પણ સાથેસાથે પોતાના અનુયાયીઓનું પણ સત્યાનાશ વાળી નાખે છે. એ કેમ બને છે; એ આપણે હવે જોઈએ.

પ્રભુ મહાવીર પછી એમના અનુયાયીઓમાં અનેક પંડિત મુનિરાજો થયા. તેમાં કેટલાએક એવા પણ પાક્યા કે, પ્રભુ મહાવીર ભગવાનના વચનોમાં અને તેમના તત્ત્વજ્ઞાનમાં તેમને શંકા ઉત્પન્ન થઈ. શંકા પડવી એ એકાંતે દોષ તો નજ કહેવાય. છદ્મસ્થ આત્માને શંકા તો પડે, એ સ્વાભાવિક પણ છે. પણ એ શંકા હમેશ જિજ્ઞાસુ વૃત્તિની હોવી જોઈએ. એમાં પૂર્વાપર વિરોધ જણાતો હોય તો તે કેઈ અપેક્ષાએ છે એ સમજી લેવાની બુદ્ધિ આપણામાં હોવી જોઈએ. અને અન્યને પૂછી પોતાનું સમાધાન કરી લેવાની બુદ્ધિ પણ હોવી જોઈએ. ઘણી વખત આપણા કરતા ઓછા જ્ઞાનવાળા પાસેથી પણ આપણી શંકાનું સમાધાન મેળવવા માટે પ્રયત્ન કરવો જોઈએ. કદાચિત્ આપણે તેવો ખુલાસો મેળવી નહીં શક્યા, તો પછી આપણે અપૂર્ણ છીએ તેથી કાલાંતરે અન્ય કોઈ પાસેથી ખુલાસો મેળવવા પ્રયત્ન કરીશું, એમ ધારી શાંત રહેવું જોઈએ. પણ પોતાની બુદ્ધિ ઉપર વધારે પડતો વિશ્વાસ રાખી સ્વચ્છંદતાપૂર્વક પ્રભુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવીર કદાચ ભૂલ્યા હશે એવી કુબુદ્ધિ રાખવી નહીં જોઇએ. પણ કેટલાએક લોકોએ પ્રભુ મહાવીર પણ ભૂલ્યા એમ પ્રતિપાદન કરવા પ્રયત્ન કર્યો, એ સ્વચ્છંદતા કહેવાય. અને પ્રભુના વચનોને તુચ્છકારી પોતાની માન્યતા જ સાચી છે એમ પ્રતિપાદન કરવા માંડયું. પ્રભુના વચનોનો અપલાપ કર્યો. અને એમ કરવાથી પ્રભુના વચનને ઢાંકી દીધા અર્થાત્ તેઓ નિહ્નવ થયા. એમાંના કેટલાએક સરળ સ્વભાવના હતા, તેઓએ પોતાની ભૂલ ઓળખી તે સુધારી લીધી અને સાચે માર્ગે વળ્યા. પણ કેટલાએકોએ તે સુધારી નહીં. અને પોતાની જ હઠ ચાલુ રાખી. એમ કરી પોતાનું સમ્યક્ત્વ ગુમાવ્યું. એ સ્વચ્છંદતાનો સ્પષ્ટ દાખલો છે. એમાં શંકા નથી.

એ સ્વચ્છંદતાની પરંપરા અપ્રતિબદ્ધ રીતે નાના કે મોટા પ્રમાણમાં ચાલતી રહી. અને પરિણામે અનેક પક્ષ અને ભેદોનો રાફડો ફાટતો જ રહ્યો. અને હજુ પણ એ પરંપરા અટકી તો નથી જ. પણ વધારે ને વધારે તીવ્ર રૂપ પકડી ચાલતી જ રહી છે. એમના મનમાં પ્રભુના અનેકાંતવાદનું આછું દર્શન પણ થતું જણાતું નથી. અને પરિણામે રાગ દ્વેષના જાળાઝાંખરા ધર્મમાર્ગમાં વધતા જાય છે. એ એટલે સુધી કે અન્યની નિંદા, જુગુપ્સા કરી પરસ્પરને નિહ્નવ જેવા શબ્દપ્રયોગો વાપરી તુચ્છ ગણવામાં આવે છે. અને અનેકાંત ભાવને પૂર્ણ રીતે તિલાંજલી આપી દેવામાં આવે છે.

સ્વચ્છંદતાનું કેવડું એ ઘોર પરિણામ! સ્વચ્છંદતાને કારણે જ જગતમાં અહંભાવને ઘણું પોષણ મળેલું છે. દરેક ધર્મમાર્ગમાં એ સ્વચ્છંદતાને કારણે જ અનેક ઉપપંથ અને અનેક અનંત પેટા ભેદો જન્મેલા છે. અને તેમના કેટલાએક અતિ ઉત્સાહી માનવો ધર્મને નામે જ આપસમાં કલહ કરતા રહ્યા છે. જે ધર્મ શાંતિ માટે જ મૂળ પ્રવર્તાવામાં આવેલો હોય છે તે ધર્મસ્થાનમાં અને ધર્માચરણમાં જ હોળી સળગે છે. આપસમાં એક જ ધર્મપ્રવર્તકના અનુયાયીઓ એકેકના શત્રુ બની જાય છે અને ધર્માચારનો હેતુ જ અભરાઇ ઉપર ચડાવી દેવામાં આવે છે. ધર્મના નામે જ જગતમાં કલહ-કંકાસ તો શું પણ મારામારી, લડાઇ અને રક્તપાત સુધી લોકો જઈ પહોંચે છે. પોતાની માન્યતા બીજાઓના માથે જબરીથી ઠોકી બેસાડવા જેવી ધૃષ્ટતા અને મૂર્ખાઈ કરવામાં પણ એવા ધર્મધોરી કહેવાતા માનવી પાછું વાળી જોતા નથી. જાણે પોતાની માન્યતા એ જ સર્વોપરી છે. અને બીજાઓમાં વિચાર કરવા જેટલો પણ અધિકાર ન હોય એમ માને છે. વાહરે ધર્મી આત્માઓ! શાંતતા કે પરમતસહિષ્ણુતાનો છાંટો પણ એમનામાં હોતો નથી. ભગવાને અનેકાંતવાદની પ્રરૂપણા કરી છે તે પણ તેઓ ભૂલી જાય છે. જૈન શાસ્ત્રકારોએ અનેકાંતની જે પ્રરૂપણા કરેલી છે તે મૂલતઃ દરેક વસ્તુનું સાચું સ્વરૂપ પારખવાની ચાવી છે. અને જગતમાં મતભેદોનું નિરાકરણ કરવાની શાસ્ત્રોક્ત સમજ આપનારી યુક્તિસંગત યોજના છે. જ્યારે એ વસ્તુનું સાચું મૂલ્યાંકન નહીં કરી શકનારા આત્માઓ મતભેદને અભિનિવેશમાં ફેરવી નાખે છે. અને તેને લીધે જ જગતમાં સ્વચ્છંદતા વૃધતી રહેલી છે.

કોઇ વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે એકાદ અકૃત્ય કરે તો તેના પરિણામો એ પોતે એકલો ભોગવે અને એની સ્વચ્છંદતા એને એકલાને ઘાતક થાય. એટલે ઘાતક નુકસાનની મર્યાદા એ વ્યક્તિપૂરતી મર્યાદિત થઇ જાય છે. પણ જ્યારે એ સ્વચ્છંદતા કોઈ ભણેલા અને પદવીધારી પાસે જન્મે છે, ત્યારે એ સ્વચ્છંદતા અનેક આત્માઓનો ભવ બગાડવાને કારણભૂત થાય છે.

એટલા માટે જ અમો વિનવીએ છીએ કે, પોતાની કોઇ વિશિષ્ટ માન્યતા થઈ જાય તો તે પોતા માટે જ સીમિત રાખવી જોઈએ, બીજા ઉપર જબરીથી ઠોકી બેસાડવાની ચેષ્ટા ટાળવી જોઇએ. આવશ્યક હોય તો બીજાનું મન પ્રેમથી જીતી લઇ પોતાની માન્યતાની સમજ બીજાને આપવી. અને તેમ નહીં બને તો શાંતતા ધારણ કરી સ્વચ્છંદતા ટાળવી જોઇએ. એમાં જ પોતાનું અને પોતાના ધર્મનું ગૌરવ છે. અન્યથા એ સ્વચ્છંદતા જ પોતાનો ધ્વસ્ત કર્યા વિના નહીં રહે. શાસનદેવ બધાઓને એ સદ્બુદ્ધિ સુઝાડે એવી પ્રાર્થના સાથે વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજકન્યાઓની પરીક્ષા

(૨)

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

ત્યારબાદ બીજા કોઈએ બીજી રાજકન્યાને કહ્યું કે હું જે પ્રશ્નો પૂછું તેનો એક જ ઉત્તર જુદી જુદી (૭) જાતિ દ્વારા દેજે. કન્યાએ કહ્યું કે 'સારું' એટલે એણે નીચે પ્રમાણે પ્રશ્ન પૂછ્યો:—

"कस्मिंस्तुष्टे स्वेष्टं सेवक आप्नोति ?
कीदृशस्त्यादिः ? ।
अल्पाद्यर्थे [1]चक्रे के ?
कीदृक्षाः प्रवचनज्ञाः ॥१॥"

शब्दं सम्बोधय कोऽल्पाद्यर्थे ?
कान्तिरहितमाख्याहि ।
कथयोपसर्गयुग्मं कीदृक्षाः
धर्मकथकाश्च ? ॥२॥

उपसर्गः कः प्रथमः ? का सूर्ये ?
का च महिमसम्बुद्धिः ? ।
श्रीजिनशासनभासनलालसः
मामन्त्रयस्व तथा ॥३॥

कवयति यः स्वकभावात् प्रभावमा-
वानयैनमथ जैनाः ।
सुरनरवरैरजेयाः कीदृक्षाः
वादिमुख्याः स्युः ? ॥४॥

का मेरौ ? के कन्या प्राथ्य्या ?
मित्रांश्च कथय के सरसि ? ।
के कृतिनः सुकृतसङ्गे ?
निमित्तदक्षाश्च कीदृक्षाः ? ॥५॥

प्रातस्ताराराः कीदृशा ?
आमन्त्र्यो नाटके कथं विद्वान् ? ।
भीमेन यो निजवन्ने सम्बोध्यो
राक्षसः स कथम् ? ॥६॥

कवतेरचि रूपं सम्बोधय
वर्यांश्च जिनमते तपसा ।
विद्यादिभिः सिद्धतयाऽपि
प्रथिताः कथय कीदृक्षाः ? ॥७॥

कीदृक् पौरजनः ? के च दुर्वहाः ?
आहृवयाथ वरणानि ।
अर्के के? तुष्टसुरैर्देयाः के? कीदृशाः कवयः ? ॥८॥"

આ તમામ પદ્યોનો ગુજરાતી અનુવાદ હું નીચે પ્રમાણે કરું છું, અને સાથે સાથે રાજકન્યાએ સંસ્કૃતમાં આપેલ ઉત્તર, ગુજરાતી [1]અર્થ સહિત, દર્શાવું છું:-

૧ કોણ તુષ્ટ થયે સેવક પોતાના વાંછિતને પામે છે? प्रभौ (સ્વામી)

૨ 'ત્યાદિ' (પ્રત્યય) કેવો હોય છે? अकप् (ત્યાદિ આગળ 'અક' વડે બાધિતપણું હોવાથી 'કપ્' પ્રત્યય ન આવે).

૩ અલ્પાદિ અર્થને કહેનારા કોણ છે? 'अराः' ('અર' વગેરે પ્રત્યયો કાળનું અલ્પપણું કહે છે).[2]

૪ પ્રવચનના જાણકારો કેવા હોય? प्रभावकवराः (ઉત્તમ પ્રભાવકો)

૫ શબ્દનું સંબોધન કહો. राव! (હે શબ્દ)

૬ અલ્પાદિ અર્થમાં કયો (પ્રત્યય) આવે છે? कप् ('કપ્').

૧ 'चक्रे' પાઠ જે જોવાય છે. એનો અર્થ કેવી રીતે ઘટે? શું "च के" પાઠ હશે?

૧ આ અર્થ મેં કૌંસમાં આપ્યો છે.

૨ 'अल्पाद्यर्थे'ને બાજુએ રખાય તો ચક્રમાં શું હોય એમ અર્થ કરાય અને એનો ઉત્તર 'अराः' (આરા) અપાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ કાન્તિ રહિતનું સંબોધન કહે. अभ! ('ભા' એટલે પ્રકાશ; આથી 'અભ' એટલે પ્રકાશ વિનાનો!)

૮ એકેક અક્ષરના બે ઉપસર્ગ કહે आ,प्र ('આ' અને 'પ્ર').

૯ ધર્મ કહેનારા કેવા હોય? प्रभावकवराः (ઉત્તમ પ્રભાવકો)

૧૦ પ્રથમ ઉપસર્ગ કયો છે? प्र ('પ્ર').

૧૧ સૂર્યમાં શું છે? प्रभा (કાન્તિ)

૧૨ મહિમાનું સંબોધન શું છે? प्रभाव! (હે પ્રભાવ!)

૧૩ શ્રી જિનશાસનના પ્રકાશનની અભિલાષા રાખનારનું સંબોધન કહે, प्रभावक! (હે પ્રભાવક!)

૧૪ જે પોતાના ભાવથી કાવ્ય કરે છે એના પ્રભાવનું સંબોધન કરે. प्रभावकव! (પ્રકર્ષ ભાવથી કાવ્ય કરનાર).

૧૫ ઉત્તમ સુરોથી અને ઉત્તમ પુરુષોથી નહિ જીતાયેલા એવા વાદિમુખ્ય જૈનો કેવા હોય? प्रभावकवराः (ઉત્તમ પ્રભાવકો)

૧૬ (મેરુપર્વત) ને વિષે શી (વસ્તુ) છે? राः (સુવર્ણ)

૧૭ કન્યાઓને પ્રાર્થના કરવા લાયક (અર્થાત્ ઇચ્છવા યોગ્ય) કોણ છે? वराः (પતિઓ) (વર ક્યારે મળશે એવી અભિલાષા કન્યાઓને હોય છે).

૧૮ મિશ્ર (કોણ છે તે) કહે. कवराः (માર્જન કરેલા કેશ).

૧૯ સરોવરમાં કોણ હોય? वकवराः (ઉત્તમ બગલા).

૨૦ પુણ્યશાળી સંઘમાં સારાં કાર્ય કરનારા કોણ છે? भावकवराः (ભાવવાળામાં શ્રેષ્ઠ).

૨૧ (નિમિત્ત કહેવા)માં ચતુર એવા કોણ છે? प्रभावकवराः (ઉત્તમ પ્રભાવકો)

૨૨ સવારે તારા કેવા હોય છે? प्रभाः ('ભા' એટલે તેજ, પ્રભા એટલે તેજ વિનાના, નિસ્તેજ)

૨૩ નાટકમાં વિદ્વાનનું આમંત્રણ શું છે? (અર્થાત્ એને કેવી રીતે સંબોધાય છે?) भाव! (હે ભાવ!)

૨૪ ભીમે જે રાક્ષસનો વધ કર્યો તેનું સંબોધન શું છે? बक? (હે બક!)

૨૫ 'કવતિ' ધાતુને 'અચ્' (પ્રત્યય) લગાડી તેનું સંબોધન કહે. कव! (હે કવ!)

૨૬ જિનમતમાં તપશ્ચર્યાવડે શ્રેષ્ઠનું પણ સંબોધન કહે. वराः! (હે શ્રેષ્ઠ!)

૨૭ વિદ્યાદિવડે સિદ્ધપણાથી પણ પ્રસિદ્ધ પામેલા કેવા હોય? प्रभावकवराः (ઉત્તમ પ્રભાવકો).

૨૮ (આ) નગરના લોક કેવા છે? प्रराः (પુષ્કળ ધનવાળા).

૨૯ દુઃખે વહન થાય એવા કોણ છે? भाराः (ભાર અર્થાત્ બોજાઓ)

૩૦ વરનારાનું સંબોધન કહે. वराः (હે વરનારા!)

૩૧ સૂર્યને વિષે કોણ છે? कराः (કિરણો)

૩૨ પ્રસન્ન થયેલા દેવો શું આપે? वराः (વરદાનો)

૩૩ કવિઓ કેવા હોય? प्रभावकवराः (શ્રેષ્ઠ પ્રભાવકો).

આમ ૩૩ પ્રશ્નો પુછાયા છે. તેના જે ૩૩ ઉત્તરો અપાયા છે તેને ૭ વર્ગમાં વિભક્ત કરતાં નીચે મુજબની ૭ જાતિ ઉદ્ભવે છેઃ-

(૧) આદિ – વ્યસ્ત – સમસ્ત – જાતિઃ प्रभा, अकप्, अराः, [1]प्रभावकवराः (૧-૪)

(૨) અન્ત–વ્યસ્ત–સમસ્ત–જાતિઃ राव, कप्, अभ, आ, प्र, प्रभावकवराः (૫-૯)

---

૧ અહીં 'बु' અને 'य'નો અભેદ સમજવાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક

: ( ૧૯ ) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦ (૭૯)—સાધ્વીઓ પોતે જ પોતાને માટે વસ્ત્રની યાચના કરે કે સાધુઓ ગૃહસ્થોની પાસેથી લઈને તેઓને આપે?

ઉ૦—તે સાધ્વીઓ ઉત્સર્ગથી પોતે વસ્ત્ર ગ્રહણ કરે નહિ, પરંતુ ગુરુએ તેમને આપવા જોઈએ, જો સાધુઓ ન હોય તો, સાધ્વીઓ પોતે પણ યતના-પૂર્વક યાચના કરે એટલે ગૃહસ્થની પાસે માંગે. બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે— "**निर्ग्रंथीभिरात्मना गृहस्थेभ्यो वस्त्राणि ग्राह्याणि, किन्तु गणधरेण तासां दातव्यानि ॥**

**અર્થ**—સાધ્વીઓએ પોતે ગૃહસ્થની પાસેથી વસ્ત્રો ન લેવા પરંતુ આચાર્યે તેઓને વસ્ત્રો આપવા જોઈએ, વસ્ત્ર લેવાનો વિધિ-સ્થવિરો સાત દિવસ સુધી વસ્ત્રને રાખીને પરીક્ષા કરે. પરીક્ષા ન કરે તો ચતુર્ગુરૂ પ્રાયશ્ચિત્ત આવે, તે વસ્ત્ર આચાર્ય પ્રવર્તનીને આપે અને પ્રવર્તની સાધ્વીઓને આપે, સ્વયં આપે તો ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે—**सत्तदिवसे ठवित्ता कप्पेते थेरिया परिच्छंति ॥ सुद्धस्स होइ धरणा असुद्धए छेत्तु परिठ्ठवणा ॥१॥**

**ભાવાર્થ**—સ્થવિરો સાત દિવસ સુધી વસ્ત્રને રાખે, જો રાખ્યા વગર વાપરે તો ચતુર્ગુરૂ પ્રાયશ્ચિત્ત અને આજ્ઞાભંગ વિગેરે દોષો લાગે છે તેથી સાત દિવસ સુધી વસ્ત્રને રાખીને ધોવે છે, ધોયા પછી સ્થવિરો તે વસ્ત્રને ઓઢીને પરીક્ષા કરે છે. પછી જો શુદ્ધ હોય તો ધારણ કરે, અને અશુદ્ધ હોય તો અશુદ્ધ ભાવને ઉત્પન્ન કરનાર તે વસ્ત્રને છેદીને પરઠવી દેવું, વાપરેલું હોય તો ધોવું અને ન વાપરેલું હોય પણ ગંધ આવતી હોય તો ધોવું ॥૭૯॥

---

(૩) આદિ-વર્ધમાનાક્ષર-જાતિઃ प्र, प्रभा, प्रभाव, प्रभावक, प्रभावकव, प्रभावकवराः (૧૦–૧૫).

(૪) અન્ત – વર્ધમાનાક્ષર – જાતિઃ राः, वराः, कवराः, बकवराः, भावकवराः, प्रभावकवराः (૧૬-૨૧)

(૫) શૃંખલા-જાતિઃ प्रभाः, भाव, बक, कव, वराः प्रभावकवराः (૨૨-૨૭)

(૬) મંજરી – સનાથ – જાતિઃ प्राः, भाराः, वराः, कराः वरा प्रभावकवराः (૨૮–૩૩).

બીજી રાજકન્યા છ જાતિનો બોધ કરાવનારા ઉત્તરો ઉપર મુજબ આપી રહી એટલે સમસ્યા-કોવિદોએ બંને રાજકન્યાઓને એકેક સમસ્યા પૂરવાનું કહ્યું:-

૧ "कीटिकोष्ट्रं प्रसूता ।"

૧૦ 'दृग्भ्यां शृणोति, श्रोत्राभ्यां पश्यत्यङ्गैश्च जिघ्रति, ।"

"કીડીએ ઊંટને જન્મ આપ્યો" એવી ભ્રાન્તિ-જનક અર્થવાળી સમસ્યાનો ઉત્તર પ્રથમ રાજકન્યાએ નીચે પ્રમાણે આપ્યો:—

"कीटिकाख्या करभ्युष्ट्रं प्रासूत ।

આનો અર્થ એ છે કે "કીટિકા" નામની ઊંટડીએ ઊંટને જન્મ આપ્યો.

બીજી સમસ્યાનો અર્થ એ છે કે આંખોવડે સાંભળે છે, કાનોવડે જુએ છે અને અંગોવડે સૂંઘે છે. આ સમસ્યાના ઉત્તર તરીકે બીજી રાજ-કન્યા બોલીઃ—

"सम्भिन्नश्रोतोलब्ध्याढ्याः साधुः"

આનો અર્થ એ છે કે 'સંભિન્નશ્રોત' નામની લબ્ધિવાળો સાધુ આંખોવડે સાંભળી શકે છે, કાનો-વડે જોઈ શકે છે અને અંગોવડે સૂંઘી શકે છે.

આ પ્રમાણે સમસ્યાના ઉત્તરનું કાર્ય પૂર્ણ થતાં બે ગણકોએ ગણિતને અંગે ચાર પ્રશ્ન પૂછ્યા. એના ઉત્તર અપાતાં આ રાજકન્યાઓની આ જાતની પરીક્ષાની પૂર્ણાહુતિ થઈ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ (૮૦)—જે ક્ષેત્રમાં સાધુઓ પોતે ચોમાસું રહ્યા હોય, અથવા જે ક્ષેત્રમાં બીજા સંવિગ્ન સાધુઓ ચોમાસું રહ્યા હોય તો તે ક્ષેત્રમાં વસ્ત્રાદિ ગ્રહણ કરે તો કેટલા કાલ પછી ગ્રહણ કરી શકે?

ઉ૦—બે મહિના પછી સાધુઓ તે ક્ષેત્રમાં વસ્ત્રાદિ ગ્રહણ કરે છે અને કારણ હોય તો બે માસની અંદર પણ ગ્રહણ કરી શકે. બૃહદ્કલ્પસૂત્રની ટીકામાં કહ્યું છે કેઃ-

सक्खेत्ते परक्खेत्ते वा दो मासे परिहरित्तु गेण्हंति ॥ जं कारणेण णिग्गयं तं पि बहि-ज्झोमियं जाणे ॥१॥

**ભાવાર્થ**—પોતે જે ક્ષેત્રમાં ચોમાસું કર્યું હોય અને બીજા ક્ષેત્રમાં બીજા સંવિગ્નો ચોમાસું રહ્યા હોય તો સ્વક્ષેત્ર અને પરક્ષેત્રમાં બે માસ પછી ત્રીજા મહીને વસ્ત્રાદિ ગ્રહણ કરી શકે છે અને કારણ હોય તો બે માસની અંદર પણ ગ્રહણ કરે છે ॥૮૦॥

પ્ર૦ (૮૧)—સાધુઓ જે સ્થાનમાં ચોમાસું રહ્યા હોય તે સ્થાનમાં ફરીને કેટલા મહીના પછી રહેવું કલ્પે?

ઉ૦—જે સ્થાનમાં સાધુઓ રહ્યા હોય તે સ્થાનમાં તે સાધુઓને બે ત્રણ માસ પછી ફરી રહેવું કલ્પે, તે પહેલાં નહિ, આ વાત શ્રી આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના બીજા અધ્યાયના બીજા ઉદ્દેશામાં કહેલ છે કે-જે સાધુ ભગવન્તો ગ્રામનગરાદિને વિષે શેષ કાળમાં એક માસ રહીને વિહાર કરે અને પછી એક માસ બીજે સ્થળે રહી ફરી પાછા આવીને તે ક્ષેત્રમાં રહી શકે છે અને જ્યાં ચોમાસું કર્યું હોય તે ક્ષેત્રમાં તો બે ત્રણ મહીના ગયા પછી ફરી રહી શકે છે, તે પહેલા નહી, બે ત્રણ માસનો અંતર પાડ્યા વિના આવીને રહે તો તે સ્થાન ઉપસ્થાન ક્રિયાના દોષથી દૂષિત થાય તેથી ત્યાં રહેવું કલ્પે નહિ ॥૮૧॥

પ્ર૦ (૮૨)—સાધુઓને જેમ નવકલ્પી વિહાર છે તેમ સાધ્વીઓને પણ હોય કે જુદી રીતે હોય?

ઉ૦—સાધુઓને આઠ માસ કલ્પ અને નવમો વર્ષા કલ્પ એટલે ચોમાસું એમ નવકલ્પી વિહાર છે. અને સાધ્વીઓને તો એક વર્ષાકલ્પ અને ચાર માસ કલ્પ કેમકે તેમને બે મહીનાનો માસ કલ્પ હોય છે. पंचकल्पचूर्णिमां કહ્યું છે કેઃ-साहूहिं नव वसहीओ घेतव्वाओ, अट्ठ उउबद्धे एगा वासाणं वसही इत्यादि, अज्जाणं पुण पंच वसहीओ घेतव्वाओ कम्हा जम्हा तासिं दुमासं कप्पो ॥

**ભાવાર્થ**—સાધુઓએ નવ વસતીઓ ગ્રહણ કરવી. આઠ ઋતુબદ્ધ કાળમાં એટલે શેષ કાળમાં અને એક વર્ષા કાળની, સાધ્વીઓએ પાંચ વસતીઓ ગ્રહણ કરવી. કેમકે તેમને માટે બે મહીનાનો માસકલ્પ કહેલ છે, આ પ્રમાણે બૃહદ્કલ્પમાં પણ છે. વિહાર કરવાની ઇચ્છાવાળા સાધુ સાધ્વીઓ વસતીનું પ્રમાર્જન કરીને પછી વિહાર કરે છે એમ ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે. संमज्जिअ पडिस्सया पुव्वंति संमार्जित-प्रतिश्रयाः पूर्वं प्रथममेव ततः उपधिं गृहीत्वा सज्जातरं संभाष्य विहारं कुर्वंति"

**ભાવાર્થ**-પહેલા ઉપાશ્રયનું પ્રમાર્જન કરી પછી ઉપધિ લઇ શય્યાતરને કહીને વિહાર કરે છે. ॥૮૨॥

(ચાલુ)

નવપદારાધન માટે અતિ ઉપયોગી — **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

**નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-**પૂજનવિધાન વિગેરે વિગતો સાથે **શ્રી સિદ્ધચક્રના** નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના. લખોઃ—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાત્રિભોજન

લેખક : શ્રી હીરાચંદ સ્વરૂપચંદ ઝવેરી

માટીમાંથી બનાવવામાં આવેલા ઘડા અને તાવડીના આકાર, ઉપયોગ અને રચના જુદાં જુદાં હોવા છતાં તેના ધ્યેય અને મૂળ એક જ છે તે જ પ્રમાણે ઉપલક દૃષ્ટિએ જોતાં હિંદુધર્મ અને જૈનધર્મ જુદાં જુદાં ભિન્ન દેખાય છે; પણ ઊંડાણપૂર્વક જોતાં અને બંને સિદ્ધાંતો લગભગ સરખાં જ છે અને તે પ્રતિપાદિત કરવા માટે 'રાત્રિભોજન' જેવા વિષયની છણાવટ કરવી યોગ્ય છે.

અઢાર દેશોની અંદર 'અમારી પડહ' વજડાવનાર નરરત્ન રાજરાજેશ્વર મહારાજાધિરાજ કુમારપાળ મહારાજા જેમના ચરણકમળમાં 'ભો ભગવંત!' કહી શીર ઝૂકાવતા હતા તે 'વિશ્વવંદ્ય' કલિકાલ-સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજી મહારાજા સાહેબ 'આરોગ્યશાસ્ત્ર'માં 'રાત્રિભોજન'નો નિષેધ કરતાં થકાં જણાવે છે કેઃ—

मेधां पिपीलिका हन्ति युका कुर्याज्जलोदरम् ।
कुरुते मक्षिका वान्ति कुष्टरोगं च कोलिकः ॥

રાત્રિભોજન કરતાં ભોજનમાં કીડી આવી જાય તો બુદ્ધિનો નાશ થાય છે, જૂ આવી જાય તો જલંદરનો રોગ થાય છે, માખી આવી જાય તો ઉલ્ટી થાય છે અને કરોળીયો આવી જાય તો કોઢ રોગ થાય છે.

कण्टको दारुखंडे च वितनोति गलव्यथाम् ।
व्यञ्जनान्तनिर्पतितस्तालुं विध्यति वृश्चिकः ॥

ભોજનમાં કાંટા આવી જાય તો ગળામાં અપાર પીડા થાય છે અને વીંછી આવી જાય તો તાળવાને વીંધી નાખે છે.

विलमश्च गले वालः स्वरभंगा जायते ।
इत्यादया द्रष्टदोषाः सर्वेषां निशीभोजने ॥

ભોજનમાં વાળ આવી જાય તો અવાજ બેસુરો બની જાય છે. બધા રાત્રિભોજનથી થતા દેખીતા દોષ છે.

રાત્રિભોજનથી થતા દોષો બતાવીને તેનાથી બચનારને કયા ફળની પ્રાપ્તિ થાય છે તે બતાવતાં શાસ્ત્રકાર મહારાજા લખે છેઃ—

ये रात्रौ सर्वथा आहारं वर्जयन्ति सुमेधसः ।
तेषां पक्ष उपवासस्य फलं मासेन जायते ॥

જે બુદ્ધિશાળી પુરુષ રાત્રિને વિષે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે છે તેને એક માસમાં પંદર ઉપ-વાસનું ફળ મળે છે.

चत्वारि नरक द्वाराजि प्रथमं रात्रीभोजनं ।
परस्त्रीगमनं चैव सन्धानानन्तकायीके ॥

દારૂણ દુઃખને આપનાર નરક ગતીમાં જવાના ચાર રસ્તા છે. રાત્રિભોજન, પરસ્ત્રીગમન, બોળ અથાણું અને અનંતકાયનું ભક્ષણ કરનાર નરકગતીમાં જાય છે. આ ચારમાં પણ રાત્રિભોજન કરનાર પ્રથમ જાય છે.

मद्यमांसाशनं रात्रौ भोजनं कंदभक्षणं ।
ये कुर्वन्ति वृथा तेषां तीर्थयात्रा जपस्तपः ॥

જે માણસ મદ્ય–દારૂ–મદિરા પીએ છે, માંસ-ભક્ષણ કરે છે, રાત્રિભોજન કરે છે અને કંદમૂળનું ભક્ષણ કરે છે તેના તપ–જપ અને તીર્થયાત્રા નિષ્ફળ જાય છે.

मद्य–मांसाशनं रात्रौ भोजनं कंदभक्षणं ।
भक्षणान्नरकं याति वर्जनात् स्वर्गमाप्नुयात् ॥

જે માણસ મદ્ય – દારૂ – મદિરા પીએ છે, માંસ – ભક્ષણ કરે છે અને કંદમૂળનું સેવન કરે તે માણસ નરકગતિને પ્રાપ્ત કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible] ધર્મગ્રંથોમાં રાત્રિભોજનનો નિષેધ [illegible] આવ્યો છે તે જોઈએ:

માર્કંડ નામના મહર્ષિ રાત્રિભોજનનો નિષેધ કરતાં થકાં જણાવે છે કે—

चातुर्मास्ये तु संप्राप्ते रात्रिभोज्यं करोति यः ।
तस्य शुद्धिर्न विद्येत चान्द्रायणशतैरपि ॥

ચાતુર્માસની અંદર રાત્રિભોજન કરનારના પાપની વિશુદ્ધિ ચાન્દ્રાયણ નામના સો વખત તપ કરવાથી પણ થતી નથી.

अस्तं गते दिवानाथे आपो रुधिरमुच्यते ।
अन्नं मांसं समं प्रोक्तं मार्कण्डेन महर्षिणा ॥

માર્કંડ નામના મહર્ષિ ફરમાવે છે કે સૂર્યનો અસ્ત થયા પછી પાણી પીવું લોહી સમાન છે અને અન્ન માંસ સમાન છે (માટે વિવેકી જનોએ રાત્રિ-ભોજનનો ત્યાગ કરવો જોઈએ.)

દુનિયાના શ્રેષ્ઠ ધર્મપુસ્તકોમાંના એક ધર્મપુસ્તક 'મહાભારત'માં 'શ્રીકૃષ્ણ મહારાજા' યુધિષ્ઠિરને કહે છે:

[illegible]
[illegible]

[illegible] युधिष्ठिर ।
[illegible] विशेषेण [illegible] युधिष्ठिर ।

હે યુધિષ્ઠિર! સ્વજનનું મૃત્યુ થતાં સૂતક લાગે છે તે સારી પૃથ્વી પર પ્રકાશનો પુંજ પાથરનાર સૂર્યદેવના અસ્ત થયા બાદ ભોજન કેવી રીતે કરી શકાય?

ટૂંકમાં દસ દ્રષ્ટાંતે દોહીલા મનુષ્ય જીવનને પામી તેને સાર્થક કરી આધિ-વ્યાધિ-ઉપાધિની પરિપૂર્ણ, ભયંકર અને બીહામણ ભવરૂપી સમુદ્રનો પાર પામવા, દુઃખથી ભરપૂર એવી નરકગતિને છોડવા અને અચિંત્ય સુખથી ભરપૂર એવી સ્વર્ગગતિને પ્રાપ્ત કરી પરંપરાએ શાશ્વત સુખને આપનાર મોક્ષગતિને મેળવવા સુજ્ઞ અને વિવેકી ગૃહસ્થો આ લેખ વાંચી આ ભવ-પરભવ સુધારવા 'રાત્રિભોજન'નો ત્યાગ કરશે તો મારી મહેનત સફળ થશે.

---


## સ્વાધ્યાયરત્નાવલી

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી **સજ્ઝાય** યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા. ૧-૪-૦ પોસ્ટેજ અલગ. લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

## પ્રભાવિક પુરુષો :: ભાગ ત્રીજો — લેખક : **શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી**

શ્રીયુત ચોકસીની સર્વને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને બંધુબેલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્‌ભૂત રસ મળે છે. શ્રદ્ધાના નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણસો પાનાના પાકા બાઈંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Reg. No. B. 156

— સચિત્ર છપાઈ ગયું છે. હવે ફક્ત થોડી જ નકલો સીલીક છે —

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક સચિત્ર થતાં જ તેની નકલો ઉપરાઉપરી ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ફરી થવું મુશ્કેલ છે એટલે આજે આપની નકલ તરત જ મંગાવી લેશો.

આ પુસ્તકમાં શ્રી વીરવિજયજીની ચોસઠ પ્રકારી પૂજા અષ્ટ દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને સુગમ ભાષામાં સવિસ્તર અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પ્રસંગિક કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

નવી આવૃત્તિ પ્રગટ થઈ ચૂકી છે

## બાર વ્રતની પૂજા–અર્થ સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા–અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઈ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે, સો શી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો–શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ-સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.